

ડીસા પંથકમાં આ વખતે ઠંડીએ છેલ્લા છ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. વર્ષ ૨૦૦૫માં ડીસેમ્બર મહીનામાં ૬.૯ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. ત્યારપછીના વર્ષો દરમિયાન ડીસેમ્બર માસમાં ૧૦, ૧૧ અને ૧૩ ડીગ્રી આસપાસ તાપમાનનો પારો રહેવા પામ્યો હતો. ત્યારે આ વર્ષે એટલે કે ૨૦૧૨-૧૩માં ૭.૨ ડીગ્રીએ પારો આવીને અટક્યો છે. તેમજ હજુ પણ ઠંડી વધવાની સાથે આકાદ ડીગ્રી પારો ગગડશે તેવું હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. ડીસા પંથકમાં ઠંડીના પ્રકોપની સાથે વહેલી પરોઢે ધુમ્મસ સાથે હીમ અને ઝાકળનું પ્રમાણ પણ પુ.કળ પ્રમાણમાં પડી રહ્યું છે. ડીસા પંથકના કેટલાક વિસ્તારોમાં પડેલા હીમ પ્રાતને કારણે એરંડાના પાકમાં તેમજ પિયત કરવાનું બાકી છે તેવા બટાટાના પાકમાં પણ હીમ પ્રાતને કારણે ખતરો તોળાઈ રહ્યો હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું. જ્યારે ઝાકળ વિના માત્ર ઠંડી જ પડેલી રાયડો, જીરુ અને ઘઉંના પાકને ખુબ જ ફાયદો થાય તેમ છે. આ બાબતે માણેકપુરાના ખેડૂત કંચનજી વાલજીજી ઠાકોર અને શ્રવણજી વણવીરજી ઠાકોર તેમજ વાલાજી ઠાકોરના જણાવ્યા મુજબ શિયાળાના આરંભમાં જોઈએ તેવી ઠંડી પડી નહોતી એટલે અત્યારે જે ઠંડી પડી રહી છે તે પાછળથી થયેલ વાવેતરમાં ફાયદો કરાવશે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# મોડાસાના કુકડી ગામેથી કતલખાનુ પકડાયું

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના કુકડી ગામેથી જિલ્લા પોલીસ અને મોડાસા ડીવીઝન મળી સંયુક્ત અભિયાન કરી ગુરૂવારના રોજ વહેલી સવારે રેડ કરી કતલખાનાનો પર્દાફાશ કર્યો હતો.જ્યાંથી પાંચ મૃત બળદ અને ત્રણ જીવતા બળદ સાથે એક મીની ટ્રક અને બાઈક સાથે ચારને પકડી પાડીને મોડાસા ગ્રામ્ય પોલીસમથકે ૯ વિરૂધ્ધ ગુનો નોંધી ફરાર ઈસમોની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

વિગત મુજબ સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાને મળેલ બાતમી આધારે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ ડી.પી. ચુડાસમા અને સ્ટાફ સાથે મોડાસા ડીવીઝનના ડીવાયએસપી, બાયડ સિપિઆઈ, પીઆઈ અને પીએસઆઈ આર.વી. દેસાઈ પોલીસ કુમક સાથે મોડાસાથી ૧૫ કિમી દૂર આવેલ ડુંગરવાડા રોડ પરના કુકડી ગામે ગુરૂવારના રોજ વહેલી સવારે અંદાજે ૪ વાગેના સમયે કતલખાના પર રેડ કરી હતી જેમાં પોલીસને હાથે મોડાસાના કુકડી ગામના મહમદભાઈ અબ્દુલભાઈ વણઝારા, મોડાસા કોલેજ પાસે રહેતા અલ્લાઉદ્દીન અલ્લારખાભાઈ ભટ્ટી, અમદાવાદના ખાનપુરના અલ્લારખા મહમદભાઈ હનીફ શેખ, શાહપુરનો મહમદ સઈદ આમીરભાઈ શેખ પકડાઈ ગયા હતા જ્યારે કતલખાનામાં વપરાતા હથિયારો સાથે અન્ય ૫ થી વધુ ઈસમો અંધારાનો લાભ લઈ નાસી ગયા હતા. પોલીસો કતલખાનામાંથી પાંચ બળદ કપાયેલા મૃત હાલતમાં અને ત્રણ બળદ જીવિત હાલતમાં મળી આવ્યા હતા સાથે એક મીની ટ્રક-૪ લાખ, એક બાઈક-૧૦ હજારનું મળી આવેલ પોલીસે મુદ્દામાલ કબજે લઈ પકડાયેલ ચાર સહીત ૯ વિરૂદ્ધ મોડાસા ગ્રામ્ય પોલીસમથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને જીવિત ત્રણ બળદોને ઈડરના પાંજરાપોળમાં મોકલી આપ્યા હોવાનું મોડાસા ગ્રામ્ય પોલીસમથકના પીએસઓ-મદનસિંહે જણાવ્યું હતું.

## સાગર અકાદમી દ્વારા લોક ડાયરો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલી સાગર અકાદમી દ્વારા તાજેતરમાં ગુજરાતના સાંસ્કૃતિક વારસાની જાળવણીના હેતુથી ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ માટે લોક ડાયરો ગુજરાતી સમાજ ઉજ્જૈન, મધ્યપ્રદેશ ખાતે રજૂ કરવામાં આવ્યો હતો.

લોક ડાયરો યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગુજરાત સરકારના ઉપક્રમે યોજાયો હતો. મોડી રાત સુધી ચાલેલા લોક ડાયરાને માણવા ખૂબ જ મોટી સંખ્યામાં ગુજરાતીઓ ઉમટી પડ્યા હતા. આ લોક ડાયરાને ગુજરાતના બી હાઈ ગ્રેડના કલાકારોએ લોક સાહિત્ય, લોકગીત, ભજન, દુહા છંદની રમઝટ વડે સૌના મન મોહી લીધા હતા. પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાતી સમાજના પ્રમુખે જણાવ્યું છે કે, ઉજ્જેન ખાતે પ્રથમ વખત જ લોક ડાયરાનું આયોજન થયું જે કલાકારોની ઉત્કૃષ્ટ રજૂઆતે વારંવાર લોકડાયરો યોજવા માટે પ્રેરણા આપી છે. આ પ્રસંગે સાગર અકાદમીના પ્રમુખ ભરત વ્યાસે ગુજરાત સરકારની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં બે અલગ અલગ સ્થળેથી ૬૨ લાખથી વધુનો વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકામાં ગુરૂવારની વહેલી સવારે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ અને મોડાસા ડીવીઝને સંયુક્ત રીતે પેટ્રોલિંગ દરમિયાન અલગ-અલગ સ્થળેથી ૬૨ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો બે ટ્રકમાંથી પકડી સાથે બે જણાને ઝડપી પાડી બંને વિરૂદ્ધ મોડાસા ગ્રામ્ય પોલીસમથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. ડી.પી. ચુડાસમા અને સ્ટાફ બુધવારની રાત્રીના પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ગુરૂવારની વહેલી સવારે શામળાજી-હિંમતનગર માર્ગ પર ટોલટેક્ષ પાસેથી શામળાજી તરફથી આવી રહેલ ટ્રક નંબર-પીબી-૦૫-જે-૪૫૫૧ને રોકી તેમાં તપાસ કરતા દવાઓના બોક્ષ નીચેથી વિદેશી દારૂની ૫૦૧ પેટીમાંથી બોટલ નંગ-૭૨૧૨ કિંમત રૂ. ૧૭ લાખ ૪૪ હજાર ૮૦૦ નો મળી આવેલ જેથી પોલીસે દારૂ સાથે દવાના ૭ લાખ ૮૧ હજારના બોક્ષ, મોબાઈલ નંગ-૪, રોકડ-૧૦૦૦ અને ૧૦ લાખનો ટ્રક મળી કુલ રૂ. ૩૫ લાખ ૩૩ હજાર ૮૦૦નો મુદ્દામાલ સાથે પંજાબના લુધિયાણાની સીમા કોલોનીમાં રહેતા જશવીરસિંગ કાકાસિંગ જાટ અને ફિરોજપુર જિલ્લાના બહેરામના જશદેવસિંગ હરદિપસિંગ જાટને પકડી પાડેલ હતા. બીજી તરફ મોડાસાના નાદીસણ ગામ નજીક બીજી ટ્રક નંબર-એચઆર-૬૪-૧૨૮૮ને રોકી તેમાં તપાસ કરતા બિયારણની ૧૨૭ થેલીઓ કિંમત રૂ. ૬૩,૫૦૦ નીચે વિદેશી દારૂની ૧૧૮૦ પેટીમાંથી ૧૮૪૮૦ બોટલ કિંમત રૂ. ૪૫ લાખ ૨૦ હજાર ૪૦૦ની મળી આવી હતી.પોલીસને દેખી ટ્રકચાલક સહિતના બે જણા નાસી ગયા હતા. ૧૫ લાખની ટ્રક મળી કુલ રૂ. ૬૧ લાખ ૪૩ હજાર ૯૦૦નો મુદ્દામાલ કબજે લઈ મોડાસાના નાદીસણના ફરાર જયેન્દ્રસિંહ પદમસિંહ ચૌહાણ અન્ય બે જણા વિરૂદ્ધ મળી બંને ટ્રકોનો મોડાસા ગ્રામ્ય પોલીસ મથકે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## અલવાકંપા ગામે બોરવેલમાંથી ઈલેક્ટ્રીક મોટરની ચોરી

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકા અલવાકંપા ગામની પ્રાથમિક શાળાના બોરવેલમાંથી ચોર ઈસમ ઈલેક્ટ્રીક મોટર ચોરી ગયાની ફરીયાદ બાયડ પોલીસ મથકે નોંધાવા પામી છે. બાયડ તાલુકાના અલવાકંપા ગામની પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં આવેલ શાળાના બોરવેલની પાઈપ તેમજ વાયર કાપી ઈલેક્ટ્રીક મોટર કિ. રૂ. ૧૦,૦૦૦ ની ચોરી ચોર ઈસમો તા. ૧૫-૧૨-૧૨ થી ૧૮-૧૨-૧૨ દરમ્યાન કરી લઈ ગયાની ફરિયાદ શિલ્પાબેને બાયડ પોલીસ સ્ટેશને નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. સી.કે. બાબરીયા ચલાવી રહ્યા છે.

# દિલ્હીમાં બનેલી ગેંગ રેપની ઘટનાને શરમજનક ગણાવતા સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ

હિંમતનગર, તા. ૩

દિલ્હીમાં બનેલા સામુહિક બળાત્કારના બનાવથી વ્યથીત થયેલા સાબરકાંઠાના સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે આ જધન્ય બનાવને સખત શબ્દોમાં વખોડી કાઢી આ કેસના નરાધમ અપરાધીઓને ફાંસીની સજા કરવાની માગણી કરી છે અને કાયદામાં આનુ પ્રાવધાન કરવા સંસદનું બે દિવસનું વિશેષ સત્ર તાત્કાલિક બોલાવવા સન્માનનીય રાષ્ટ્રપતિજી સમક્ષ તા. ૩૦-૧૨-૨૦૧૨ના પત્રથી માંગણી કરેલ છે.

સમગ્ર દેશ માટે શરમજનક એવી ૨૩ વર્ષની યુવતી દામિની પર ગુજારવામાં આવેલા સામુહીક બળાત્કારની ઘટનાથી આખો દેશ હચમચી ગયો છે. દિલ્હીમાં અને આખા દેશમાં લોકો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે અને રસ્તા ઉપર ઉતરી આવ્યા છે. દેશના આ આક્રોશને લક્ષમાં લઈ સરકારે માત્ર લુખ્ખાં આશ્વાસનો આપવાને બદલે કડક હાથે કામ લેવું જોઈએ અને મહિલાઓના રક્ષણ માટે અને સ્ત્રી સન્માનની ભાવના ઉચિત રીતે જળવાય તે હેતુ કાયદામાં સુધારો કરી ફાંસીની સજાનું પ્રાવધાન કરવા સંસદનું બે દિવસનું વિશેષ સત્ર બોલાવવા સન્માનનીય રાષ્ટ્રપતિજી સમક્ષ માંગણી કરેલ છે.

# સમસ્ત બ્રહ્મસેના સાબરકાંઠાની કારોબારી બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૩

સમસ્ત બ્રહ્મસેના સાબરકાંઠા જિલ્લા કારોબારી સમિતિની એક મહત્વની બેઠક તાજેતરમાં હિંમતનગરના મહેતાપુરા ખાતે આવેલ રામજી મંદિરમાં સંસ્થાના પ્રમુખ બકુલચંદ્ર પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં સંસ્થા દ્વારા આગામી સમયમાં યોજાનાર વિવિધ કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ગુજરાત બ્રહ્મસેનાના ટ્રસ્ટી બ્રહ્મ રત્ન અતુલભાઈ દિક્ષીતે જણાવ્યું હતું કે આગામી તા. ૧૨મી જાન્યુ-૨૦૧૩ સ્વામી વિવેકાનંદ જયંતિના શુભ દિવસે સમગ્ર જિલ્લાની બ્રહ્મચોર્યાશી અને બ્રહ્મ સંમેલન શામળાજી રણછોડરાયજી મંદિર પરિષરમાં ભાગવત જ્ઞાન યજ્ઞ પારાયણ ખાતે સવારે ૧૦ કલાકે યાજાશે. આ સંમેલનમાં બ્રહ્મસમાજના સંતો ગૌરાંગશરણ ધર્માચાર્યજી જ્ઞાનાનંદ સરસ્વતી મહારાજ તથા ગાયત્રી ઉપાસક મહેન્દ્રભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહી આશીર્વચન આપશે. ઉપરાંત વિવિધ સંસ્થાઓમાં ચૂંટાયેલા બ્રહ્મલોક પ્રતિનિધિઓનું સન્માન કરવામાં આવશે.

આ પ્રસંગે તલાટી મંડળના પ્રમુખ નિતીનભાઈ પંડ્યા, રાજુભાઈ રાવલ, પ્રદિપભાઈ, વિશાલભાઈ, કર્નલ રાવલ વગેરે હાજર રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ વખત બાગાયતી વિભાગ દ્વારા વાયબ્રન્ટ સમિટમાં ૧૧૫ કરોડના એમ.ઓ.યુ. થશે

## બનાસકાંઠાના ડીસા તાલુકામાં તેમજ જિલ્લામાં ૧૧મી જાન્યુઆરીથી વાયબ્રન્ટ ૨૦૧૩ શરૂ થશે

પાલનપુર, તા.૩

બનાસકાંઠા જિલ્લાના નાયબ નિયામક કચેરી દ્વારા નેશનલ ફોર્ટી કલ્ચર મિશન અંતર્ગત રાજય કક્ષાની અમલીકરણ સમિતિની ૩૪મી બેઠકમાં મંજુરી મળેલ ગ્રીન હાઉસ તથા પ્રોજેકટ બેઝની યાદી નાયબ નિયામક આર.કે. ચૌધરીએ ટેલીફોનીક વાતચીતમાં અમારા બ્યુરોને જણાવેલ હતી.

બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ વખત બાગાયતી વિભાગ દ્વારા વાયબ્રન્ટ સમિટમાં ૧૧૫ કરોડના એમ.ઓ.યુ. થશે જેમાં ડીસાની આસપાસ૧૫ કોલ્ડ સ્ટોરેજ તેમજ જિલ્લામાં ૩૬ ગ્રીનહાઉસ પ્રોજેકટો તથા એક નેટ હાઉસ એક પેક હાઉસ ૧૧૫ કરોડના એમ.ઓ.યુ. કરાશે. બનાસકાંઠાના ડીસામાં મુખ્ય બાગાયત પાક તરીક બટાકાનું સૌથી વધુ ઉત્પાદન થાય છે તેમના સ્ટોરેજ માટે ૧૧મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ એમ.ઓ.યુ. થશે. આમ નાયબ બાગાયતી નિયામક આર.કે. પટેલે વિસ્તૃત માહિતી આપેલ. જિલ્લામાં મંજુરી મળેલ ગ્રીન હાઉસની પ્રોજેકટ બેઝ દરખાસ્તોની યાદીમાં ધાનેરા તાલુકાના સામરવાડા ખાતે ૪૧.૮૭ લાખ વડગામ તાલુકાના નવી સેઘણી ખાતે ૪૪.૭૩ લાખ વડગામના ઘોડીયાલ ખાતે ૪૪.૭૩ લાખ, વડગામના લીંબોઈ ખાતે ૬૪.૬૦ લાખ-ડીસાના કંસારી ખાતે ૬૧.૬૩. વડગામના સલેમ કોટ ખાતે ૪૪.૭૩ લાખ કાંકરેજના રતનપુર ખાતે ૪૬.૬૦ લાખ. પાલનપુરના કોરડા ભાખર ખાતે ૪૨.૯૫ લાખ ડીસાના સાવીયાણા ખાતે ૪૩.૯૫ ડીસાના લક્ષ્મીપુરા ખાતે ૫૩ લાખ, લક્ષ્મીપુરા ડીસાના ખાતે ૫૫ લાખ, ડીસાના માણેકપુરા ખાતે ૫૦.૪૦ લાખ, કોટડા ભાખરમાં ૫૫ લાખ વાસના જુના ડીસા ખાતે ૫૯ લાખ ભડથ ડીસા ખાતે ૫૧ લાખ, કાંકરેજના શિહોરી ખાતે ૪૭.૬૦ લાખ, ડીસાના નાગરણા ખાતે ૪૪.૭૩ લાખની દરખાસ્તોની યાદી ઉપર મુજબની જણાવેલ તેમજ ડીસાના જુના ડીસા, આખોલ મોટી, કુંપટ, માલગઢ, બાઈવાડા, આખોલ, દામા, માલગઢ, જુના ડીસા, લક્ષ્મીપુરા, શમશેપુરા, રાજપુર એમ ૧૫ કોલ્ડ સ્ટોરેજના એમ.ઓ.યુ. આમ કુલ ૧૧૫ કરોડના એમ.ઓ.યુ. ૧૧મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ થશે.

## સાબરકાંઠા પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

હિંમતનગર, તા.૩

માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત સાબરકાંઠા પોલીસ દ્વારા જિલ્લા ડી.એસ.પી. ઓફીસ ખાતે જિલ્લાના રીક્ષા અને બસ ચાલકો તેમજ પોલીસ જવાનો માટે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રીક્ષા ચાલકો અને બસ ચાલકો જોડાયા હતા.

આ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પમાં આંખના નિષ્ણાંત તબીબો એ હાજર રીક્ષા અને બસના ચાલકોનું નિદાન કર્યું હતું અને નેત્રની સારવાર માટે કેવા પ્રકારની કાળજી રાખવી તે અંગે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પોલિસ વડા ચિરાગ કારડીયા, ડી.વાય.એસ.પી. ઝેડ. જે. ચૌહાણ, સાબર ટ્રાફિક એજયુકેશન ટ્રસ્ટના સેક્રેટરી યુસુફભાઈ સાબુગર, ડૉ. કિરીટભાઈ પટેલ, એસ.ટી. વિભાગના અધિકારીઓ તથા આર.ટી.ઓ. અધિકારી સહિત અનેક મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.



## ડીસા ખાતે ખેલમહાકુંભ મશાલ રેલીનું કરાયુ ભવ્ય સ્વાગત

ખેલ મહાકુંભ મશાલ રેલીનું આજરોજ ડીસા ખાતે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.ખેલ મહાકુંભ વર્ષ ૨૦૧૨નું ૩૧ ડીસેમ્બરે ગાંધીનગરથી મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મશાલ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. જે મશાલ રેલી આજરોજ ડીસા ખાતે આવી પહોંચી હતી. જ્યાં ડીસા ની વિવિધ શાળાના બાળકો દ્વારા મશાલ રેલીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મશાલ રેલી ડીસા શહેરના જાહેર માર્ગો ઉપર ફરી હતી.આ મશાલ રેલી આજરોજ શહેરના જાહેર માર્ગો ઉપર ફરી ગાંધીધામ તરફ રવાના થઈ હતી. જેમાં શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણા જિલ્લાના ૫૪૬૧૭૦ બાળકોની સ્વાસ્થ્ય તપાસ કરાશે

મહેસાણા, તા.૩

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૨૪ ડીસેમ્બરથી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન નવજાત શિશુથી ૬ વર્ષના આંગવાડીમાં જતાં અને ધોરણ ૧ થી ૧૨ પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના બાળકોની સ્વાસ્થ્યની સંભાળ રાખવામાં આવશે. જેમાં સામાન્ય બાળકોની સારવાર તેમજ વધુ બિમારીવાળા જેવા કે હૃદય, કિડની, કેન્સરની ગંભીર રોગોની સારવાર નિષ્ણાત તબીબો દ્વારા આપવામાં આવી છે તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મહેસાણા જિલ્લામાં કોહા પ્રોજેક્ટ અંતર્ગત વિકલાંગતા જાગરૂકતા અભિયાન આરંભાયું

મહેસાણા, તા.૩

મહેસાણા જિલ્લામાં કોહા પ્રોજેકટ અંતર્ગત અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ દ્વારા ૦૪ જાન્યુઆરી ૨૦૧૩ થી ૧૩ જાન્યુઆરી સુધી મહેસાણા જિલ્લાના ૦૯ તાલુકાઓના ૫૦થી વધુ ગામડાઓમાં સ્ટ્રીટ પ્લે ડ્રામા કરીને લોક જાગૃતિ અભિયાન શરુ કરાયું છે. મહેસાણા જિલ્લામાં ૧૧ વિકલાંગ ભાઈ-બહેનોની ટીમ દ્વારા ગામડે ગામડે જાગૃતિનું અભિયાન શરુ કરાયું છે.

મહેસાણા જિલ્લામાં ૦૪ જાન્યુઆરીના રોજ વાવ, ભીમપુર, ડભોડા ૦૫ જાન્યુઆરીના રોજ ગોરીસણા, ચાડા, આસ્પા ૦૭ જાન્યુઆરીના રોજ વલાસણા, સિપોર અને પાલડી ગામે ૦૮ જાન્યુઆરીના રોજ કાંસા, ઈયાસરા, વાલમ, કંસારા, કુઈ, દેલા ૦૯ જાન્યુઆરીના રોજ ખરોડ, માઢી, લાડોલ, ફલુ ૧૦ જાન્યુઆરીના રોજ ઉપેરા, કરલી, દાસજ, ઊંઝા, ઐઠોર ૧૧ જાન્યુઆરીના રોજ નદાસા, બલોલ, મરતોલી, મોઢેરા, ૧૨ જાન્યુઆરીના રોજ કનોડા, કાલરી, ઈરાણા અને ૧૩ જાન્યુઆરીના રોજ બુડાસણ, નગરાસણ, નંદાસણ ગામે નાટક દ્વારા વિકલાંગતા તેના ઉપાયો અને મળતા લાભો વિશે જાગૃત કરવાનો કાર્યક્રમ હાથ ધરાયો છે.

આ કાર્યક્રમ અંગેની વધુ વિગત માટે કોહા પ્રોજેકટના જિલ્લા સંયોજક શ્રી જે.એમ. સેનમા મો. ૯૯૭૮૫ ૮૭૫૦૭પર સંપર્કસાધી શકાશે.

## પાલનપુર બત્રીસી પુરોહિત સમાજ યુવક મંડળના હોદ્દેદારો

પાલનપુર, તા. ૩

પાલનપુરમાં વસવાટ કરતા બત્રીસી પુરોહિત સમાજ યુવક મંડળ પાલનપુરના નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

પ્રમુખ કીર્તિલાલ રત્નાજી પુરોહિત, ઉપપ્રમુખ બાબુલાલ મલાજી રાજગોર, ઉપપ્રમુખ પોપટલાલ થાનાજી આકોલીયા, મહામંત્રી રિમલભાઈ રૂપાજી પુરોહિત, ખજાનચી ગીરીશભાઈ રત્નાજી પુરોહિત, મંત્રી ભાવેશ કુમાર મલુકાજી પુરોહિત, સહમંત્રી ગંગારામ ભીખાજી વાછોલા, ઓડીટર વિક્રમકુમાર પુરોહિત, રક્તદાન કેમ્પ આયોજક તરીકે અશોકભાઈ વાછડા, કાળુજી પુરોહિત જવાબદારી સંભાળશે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601